# નિવેદન

ઈ.સ. ૨૦૧૮માં ગુજરાત યુનિવર્સિટીમાં એમ.ફીલ પૂર્ણ કર્યું. લગ્નબાદ મેં પીએચ.ડી. કરવાનું વિચાર્યું. જેથી મેં વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીની મુલાકાત લીધી. ત્યાં ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં અધ્યાપિકાની ફરજ બજાવતાં ડૉ.દર્શિની દાદાવાલા મેડમને મળી. મે મારી પીએચ.ડી. કરવાની ઇચ્છા વ્યક્ત કરી. તેમણે મને તે અંગે સંપૂર્ણ માહિતી આપી. મેં દર્શિની મેડમના માર્ગદર્શન હેઠળ જ પીએચ.ડી. કરવાનો નિર્ણય કરી લીધો. તેમણે મને સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ પર કામ કરવા સૂચવ્યું. મને તેમાં રસ પડ્યો. મેં ધીરૂબહેન પટેલની વાર્તાઓમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ પર વિશ્લેષણ કરવાનું કામ આરંભ્યું. આ શોધનિબંધ કેવી રીતે લખવો? કેવી રીતે માહિતી મેળવવી? તે અંગેની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન મને દર્શિનીમેડમે સરસ રીતે આપ્યું. મને તેમની પાસે કામ કરવાની ખૂબ જ મજા આવી. એમના કારણે જ હું મારા વિષયને ન્યાય આપીને પૂર્ણ કરી શકી છું. મને તેમણે ઘણી પ્રોત્સાહિત કરી છે. હું ખરેખર દિલથી દર્શિની મેડમનો આભાર વ્યક્ત કરું છું.

‘ધીરૂબહેન પટેલની પસંદ કરેલી ગદ્યકૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણાત્મક અધ્યયન’ શોધનિબંધમાં સ્ત્રીઓની સમસ્યાઓ તેમજ નિરાકરણને શોધી તેનું વિશ્લેષણ કાર્ય કર્યું છે. આ શોધનિબંધથી મને ઘણું શીખવા મળ્યું છે.

આ શોધકાર્યમાં જરૂરી પુસ્તકો મેળવી આપવામાં ગુજરાતી સાહિત્ય પરિષદ ગ્રંથકાર હંસાબહેનનો આભાર માનું છું. એમ.એસ.યુનિવર્સિટી પુસ્તકાલયના અધ્યાપકોનો પણ આભાર વ્યકત કરું છું. યુનિવર્સિટી હેડ ઑફિસમાં જ્યારે કામ પડ્યું ત્યારે શ્રી

યજ્ઞેશભાઈ દવેએ ખૂબ મદદ કરી છે. મારી સહાધ્યાયી મિત્રો મિતલ પટેલ અને ભારતી બારીયાએ સંધોધનમાં મદદ કરી છે.

આ શોધનિબંધમાં સહભાગી થનાર સૌ મહાનુભવોનો હું આભાર માનું છું. આ યુનિવર્સિટીના અધ્યાપકો તેમજ વહીવટી સેવકોનો આભાર વ્યક્ત કરું છું. આ અભ્યાસ દરમિયાન મારા પરિવારજનો તેમજ મારા મિત્રોએ સહકાર આપ્યો છે. જેમનો હું આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

પિનાકીની ઝાલા